# વરસતી આગમાં બેસી મલ્હાર ગાનારાં ચંદનબાળા

વાચકો પણ કેવા સજાગ હોય છે તેવો એક અનુભવ આ વખતે થયો. એક જાગૃત વાચકનો પત્ર આવ્યો છે. તે આખો પત્ર ઉતારવાની લાલચ થઈ આવી છે :

'પાઠશાળા' - ૧૯ હાથમાં આવ્યું એટલે બીજા બધા કામ બાજુ પર રાખી દર વખતની જેમ અક્ષરે અક્ષર વાંચવામાં મશગુલ થઈ જવાયું, પણ ચોથા પાના પરનો પહેલો ફકરો વાંચી અટકી જવાયું. અંક ટેબલ પર મૂકીને આંખો મીંચીને વિચારતાં ઊતરી ગયો. **'બની શકે ? શું આવું કોઈને સૂઝે ? સૂઝે પછી આવા કામ માટે કમ્પાઉન્ડ વૉલમાં ગાબડું પાડવાનું મન થાય, પછી એ થઈ પણ જાય ! અશક્ય...'** આમ વિચારની ઘટમાળ ચાલતી હતી ત્યાં ટપાલમાં સાથે આવેલા 'ભૂમિપુત્ર' પર નજર ગઈ.

ટેવવશ એનું રેપર ઊખેળી પહેલું પાનું વાંચવા માંડ્યો. મહારાજ સાહેબ ! શું કહું ! મારા પ્રશ્નનો, મારી મૂંઝવણનો ઊકેલ મને અહીં મળ્યો. કેવો યોગાનુયોગ કહેવાય ! મારી ઉલઝનના ઊકેલ માટે આપની પાસે આવું એ પહેલાં જ જાણે સંત વિનોબાના આ લખાણમાંથી મને મારા પ્રશ્નનો યોગ્ય ઉત્તર મળ્યો ! એ ઉત્તમ વિચાર અહીં રજૂ કરું છું :

આજે માનસિક વલણ એવું બની ગયું છે કે **કોઈ સારી વાત માની લેવા આપણું મન તરત તૈયાર નથી થતું. પણ, ખરાબ વાત આપણે ઝટ માની લઈએ છીએ. ખરું જોતાં થવું જોઈએ આનાથી સાવ ઉલટું.**



Melbourne Shwetambar Jain Sangh

મને યાદ છે, સ્કૂલમાં અમને અંગ્રેજીમાં 'વેરી મચ' (very much) અને 'ટુ' (too) શબ્દોના પ્રયોગ શીખવતા હતા. 'ધ ન્યુઝ ઈઝ ટૂ ગુડ ટુ બી ટ્રુ' (The news is **too** good to be true) - આટલી સારી વાત છે કે એ સાચી હોઈ ન શકે. મને આ એકદમ અવનવું લાગતું હતું.

મેં ગુરુજીને પૂછ્યું કે આ કંઈ મને સમજાતું નથી. તો એમણે કહ્યું કે આમ જ કહેવાનો રિવાજ છે. પછી પરીક્ષામાં એ જ સવાલ પૂછાયો કે 'ટૂ' (too) નો પ્રયોગ કરો. મેં લખી નાખ્યું કે 'ધ ન્યુઝ ઈઝ ટૂ ગુડ ટુ બી ફોલ્સ' (The news is **too** good to be false) - આટલા સારા સમાચાર છે કે ખોટા હોઈ જ ન શકે. વાત જો આવી છે, તો તેના પર આપણે વિશ્વાસ શું કામ નથી મૂકતાં ?
- વિનોબા/ભૂમિપુત્ર : તા. ૧-૧-૦૦ અંક-૧૩૫૪

એ વાચકનો પત્ર આગળ ચાલે છે :

બીજી એક વાત પણ કરવી છે. આપે અશ્રુ-શ્રેણિ શરૂ કરી અને એમાં જૈન-કથાવિશ્વમાંથી અશ્રુપાતવાળી કથાઓ આપે રોચક શૈલીમાં આપી. તેમાં મારી આંખ, ચંદનબાળાના આંસુ જોવા આતુર હતી. ક્રોધવાળી વાત તો પર્યુષણ નિમિત્તની લાગી, પછી સંભાવનાની વાત આવી. સારી છે, છતાં ચંદનબાળાની વાત વિના અશ્રુશ્રેણિ અધૂરી લાગે. હવે ચંદનાજીની વાત આપવા કૃપા કરો.

પત્ર વાંચી મને પણ ચંદનાજીની વાત લખવાનું મન થયું. આ વખતે ચંદનાજીની વાત કરીએ.

વાત આ પ્રમાણે છે :



Melbourne Shwetambar Jain Sangh

મૂળ નામ વસુમતી.
દેહનું લાવણ્ય અને વર્ણ અસ્સલ ચંદન જેવા.
શીલની સુવાસ પણ તેવી જ.
તેથી બધાં ચંદનાને નામે જ ઓળખે. માતા પણ એ નામે જ બોલાવે.

વય સોળની. પણ ઋજુતા, સ્વભાવવી ભદ્રિકતા, નેત્રની નિર્દોષતા દશ વર્ષ પહેલાની !
જોતાં પરાણે વહાલ ઉભરાય.

ચંદના સંપૂર્ણ સુખમાં ઊછરેલાં.
ટાઢ તડકો નામેય જોયેલાં નહીં.
પણ કહેવતમાં કહે છે ને કે : અગ્નિમાં પડવાનું સોનાના નસીબમાં લખાયું છે, કથીરના નહીં, બન્યું પણ એમ જ.

રે ! સત્તાની લોલુપતા ! તારા પાપે તેં કેવા નિર્દોષને રખડાવ્યાં, રઝળાવ્યાં ! મા અને દીકરી જીવ બચાવવા ભાગ્યાં તો ખરાં ! રથમાં ચડ્યા. રથ ચાલ્યો. પણ આ શું ?

'ઘરમાંથી વનમાં ગયા, તો વનમાં લાગી લ્હાય ! રથ ચલાવનાર રથિકની નજર બગડી. ચંદનાનું ચારુ રૂપ નિરાભરણ છતાં સુંદર હતું તો તેમની જનેતા તો એથીયે સુંદર હતા. વળી શીલ સુંદરતાને વધુ આકર્ષક બનાવે છે.

**શીલ અને શરીર એ બેમાંથી એકની પસંદગી કરવાના વખતે, આવા ઉત્તમ જીવો શરીરના ભોગે શીલને અખંડ રાખતાં હોય છે.** એમ જ થયું. શીલ રહ્યું. શરીર ગયું. એ બીજે મળવાનું જ હતું. બીજે બીજું મળી ગયું.

સાથે રહેલી દીકરીએ આ નજરોનજર જોયું. હવે વારો તેનો આવે તેમ હતું. પરંતુ **પુણ્ય જેમ એક તત્ત્વ છે તેમ શુભ ભવિતવ્યતા પણ એક તત્ત્વ છે.** ચંદના ઊગરી ગયા. પણ ચૌટામાં વેચાવા ઊભા રહેવું પડ્યું. વળી ત્યાં પુણ્ય તત્ત્વ મદદે આવ્યું.

મુશ્કેલી સાવ બારણે આવી તો આવી ઊભી પણ તેણે જોયું કે અહીં આપણું થાણું તો નહીં થપાય. ધનવાહ શ્રેષ્ઠિના નામને અમરતા વરવાની હતી. તે ધનવાહને ત્યાં ગયાં. મણિ-કાંચન સંયોગ તે આનું નામ. ચંદના ત્યાં જ શોભે. ચંદના પ્રત્યે ધનવાહ શેઠને વહાલસોયી દીકરીનું હેત ઊભરાવા લાગ્યું. ચંદનાને ધનવાહ શેઠના રૂપમાં વત્સલ પિતા મળ્યા. સહજ સ્નેહ વર્ષાથી ચંદના રાત-દિવસ ભીંજાવા લાગ્યા.

મૂણા શેઠાણી.
નખ-શીખ સ્ત્રી.
**સ્ત્રીની બે બાજુ.**
**એક ઊજળી અને એક અંધારી.**
અંધારી બાજુએ મૂળાને જીતી લીધી.
કબજો તેની પાસે.

ચંદનામાં તેને દીકરી ન દેખાઈ.
શોક્ય દેખાઈ.
આંખમાં અમીને બદલે આગનું આંજણ થયું. ચંદના પર અમી વરસવાને બદલે આગ વરસવા લાગી. સાદા સુંદર દૃશ્યને પણ મૂળાની આંખ આભડી ગઈ. **અપ્રીતિ ઘેરી બની, સ્ટોરેજ થઈ. વેરનું વાવેતર થઈ ગયું.** ચંદના વૈરિણી લાગી. વેર શત્રુનું કામ કરે. એકશેષ થવાની રઢ લેવા લાગે. કાં તે નહીં, કાં હું નહીં. ધનવાહ શેઠને ધન્યતાથી નવરાવવાનું મન થાય કે આવી મૂળાને કેમ જોગવી જાણી હશે !



Melbourne Shwetambar Jain Sangh

આખરે વેર વાળવાનો લાગ મૂળાને મળી ગયો. ધનવાહ શેઠ કામ પ્રસંગે બહારગામ ગયા હતા. ધનવાહ શેઠે પોતાની લાકડીથી જે વાળને ઊંચક્યા હતા તે વાળને, વાળંદને બોલાવીને ચંદનાના તે વાળ ઉતરાવી દીધા ! પગની પાનીને ઢાંકે એવા 'રજની થકી યે કાળા એવા સુકોમળ કુંતલ' - લાંબા વાળ મસ્તકથી ઊતરાવી દીધાં. ચંદના જ્યારે એ વાળને સંવારીને માથે વેળી મૂકતી ત્યારે કવિ પ્રેમાનંદે દમયંતી સતીના કેશકલાપનું વર્ણન કર્યું છે તે અક્ષરશઃ અહીં બંધ બેસે તેવું લાગતું.

**દમયંતીનો ધમ્મિલ લહેંકે,**
**ફણા શોભાવી લક્ષે;**
**શકે ધરાધર વાસ લેવાને,**
**ચઢ્યો ચંપક વૃક્ષે.** (ધમ્મિલ=કેશ કલાપ, ધરાધર=શેખ નાગ)

કેશ અળગા કર્યા.
ચંદનાએ સહજતાથી કરવા દીધા.
હવે એથીય આકરાં પગલાં લેવા મન કર્યું.

હાથે-પગે લોખંડની સાંકળની બેડી પહેરાવી. કોઇ જુએ નહીં, દયા ખાય નહીં તેથી નીચેના ભોંયરા જેવા અવાવરુ ભંડકિયામાં પૂરી દીધા. આવી અળખામણી સજા કરી મૂળાને હાશ થઈ. **ઈર્ષ્યાનું એ જ લક્ષણ છે. મારું જે થવું હોય તે થાય, સામાને શાંતિ-સુવિધા-સુખ ન મળવા જોઈએ. એ બધું છીનવાઈ જવું જોઈએ. એ દુઃખમાં પડે તો જ મનને ટાઢક વળે.**

**કોઈને પણ દોષ દીધા વિના સહજ કરેલું દુઃખ તે તપ છે. એવા તપને આધારે જ તો પૃથ્વી ટકી રહી છે.**

ઉંમર નાની છે. માતા-પિતાના છત્ર અને છાયા ગુમાવી દીધાં છે. મૂળાને માતા ગણી પૂજવા ગયા તો જાકારો મળ્યો. પિતા ધનવાહનું અપાર વાત્સલ્ય જ જીવનનો મૂલાધાર બની રહ્યો હતો. ત્યાં આવી અંધારી કાળ-કોટડીમાં કુદરત, કાળ અને કર્મના ભરોસે તેને છોડી દેવામાં આવી હતી. આવી સ્થિતિમાં અબળા શું કરે ? આંસુ સિવાય કઈ મૂડી એની પાસે છે ! એ આંસુ આંખની કૂઈમાંથી ચૂયાં કરે છે. કેટલાંયે આંસુ આંખથી દડીને ગાલ પર થીજી ગયાં. ચંદનાનો સાથ છોડવો ગમે જ કેમ? આંખો સૂજવા લાગી. દિવસ અને રાત એક બની ગયા હતા. દિવસના સૂરજે અને રાતના તારાઓએ મૂળાનો આભાર માન્યો. આ સુકોમળ કળીનું કરવત જેવું દુઃખ ન જોવાત ! સારું જ થયું.

ચંદનના હૈયામાં વૈશાખ હતો. આંખમાં શ્રાવણ હતો. હાથ-પગ સાવ ઠંડા એટલે ત્યાં પોષ હતો. વર્ષા-ગ્રીષ્મ-હેમંત આમ એક જ શરીરમાં વસ્યા, તો શરીર શરદના વાદળા જેવું - રૂની પૂણી જેવું સફેદ થઇ ગયું. માત્ર તેના ચિત્તના ઉપવનમાં મૈત્રીની વનશ્રી વસંતની જેમ લહેરાતી હતી. મૂળા પ્રત્યે સહેજ પણ અણગમો ન હતો. રુદન હતું. પણ તે તો પોતાનું બાળપણ યાદ આવ્યું, આજની સ્થિતિ જોડે તે દિવસોની સરખામણી થઈ તેથી રહી રહીને રોવું આવી જતું હતું એટલું જ. દોષ કોઈનો જોવાનો નહીં. ઉપાદાન એટલું ઊંચું છે કે નબળું નિમિત્ત પણ ઉત્તમ ઉપાદાન પામી ઉત્તમમાં નિમિત્ત બની રહે છે. એ સ્થિતિમાં ભૂખ-તરસ તો સમજ્યા - એ બધાને તો સામે ચાલીને સ્વાગતમ્ કરી શકાયાં પણ આ રીતે કોઈએ તીવ્ર દ્વેષથી-દઝાડતાં દ્વેષથી તરછોડી તે કેમ જીરવાય ?

હીબકાં અને ડૂસકાં પણ ધીરે ધીરે વિરમી ગયાં. **વેદના જ્યારે ચરમ ભૂમિકાએ પહોંચે છે ત્યારે તે મૂંગી બની જાય છે.** બસ, ત્યારે જ ધનાવહ શેઠ બહારગામથી આવ્યા.



Melbourne Shwetambar Jain Sangh

શેઠનો કાયમનો શિરસ્તો - વણલખ્યો નિયમ : ઘરમાં પગ મૂકે ત્યાં પહેલી નજર ચંદનાને શોધે. નર્યું વાત્સલ્ય જ નીતરે. ચંદના નજરે ન ચડ્યાં એટલે દાસ-દાસીને પૂછ્યું. બધાને મૂળા શેઠાણીની બીક બહુ. કોઇ ન બોલ્યું. છેવટે ચંદના પ્રત્યેના સહજ સદ્ભાવથી એક ઘરડી દાસીએ ધીમેથી કહ્યું કે ચંદના તો ભોંયરામાં છે.

ધનાવહ શેઠ ઝડપથી ભોંયરામાં ગયા. જોઇને સૂનમૂન થઇ ગયા. વાળ વિનાનું માથું, સૂઝીને લાલ લાલ થઇ ગયેલી આંખો. આંસુના ઓઘરાળા ગાલ અને સાવ કરમાઇ ગયેલું મોં જોઇને દુઃખી દુઃખી થઇ ગયા. ચંદના પણ સ્વજનને જોઇ ઓર ઢીલી પડી ગઇ.

સૌ પ્રથમ અંધારીયા ભંડકિયામાંથી તેને બહાર લાવ્યા. પગમાં તો સાંકળ બાંધેલી હતી તેમ છતાં જેમ તેમ, મહાપરાણે પગથિયાં ચડીને બારણા પાસે, શેઠ લઇ આવ્યા. યાદ આવ્યું : લુહારને બોલાવી લાવું. ત્યાં સુધી કંઇક ખાવાનું આપું. ભૂખથી અને દુઃખથી આંખો કેવી ઊંડી ઊતરી ગઇ છે ! દીવાલની ખીંટીએ સૂપડું વળગેલું હતું. ઝટ દઇ હાથમાં લીધું. રસોડામાં તો કંઇ નજરે ન ચડ્યું. પણ ઢોર માટે બાફેલા અડદ ત્યાં પડ્યા હતા તે જોયા. અડદ સૂપડામાં મૂકી ચંદનાના હાથમાં આપી, પોતે પગરખાં પણ પહેર્યા વિના, હાથ-પગની બેડી તોડાવવા લુહારને બોલાવવા ગયા.

ચંદના એકલી પડી. ધનાવહ શેઠનો વ્યગ્રતાથી ભરેલો સ્નેહ જોઇ વળી હૃદય ભરાઇ આવ્યું. આંખો ફરી ચૂવા માંડી. બસ, એ જ વેળાએ શ્રમણ ભગવાન મહાવીર, પાંચ માસ અને પચીસ દિવસથી નિયમિત રીતે ઉચ્ચ-નીચ કુળમાં ગોચરી માટે ફરતા હતા, તેઓ ત્યાં આવી પહોંચ્યા.



Melbourne Shwetambar Jain Sangh

શ્રમણ મહાવીર મહારાજાએ જોયું તો અભિગ્રહ પૂર્ણ થયેલો જણાયો હતો. ચંદનાએ પણ આ મહાશ્રમણને જોયા ને દાન દેવા મનમાં ઉલ્લાસ આવ્યો. શ્રમણ ભગવંતે હાથ લંબાવ્યા. સૂપડા વડે અડદના બાકુળાનું દાન ચંદનાએ પ્રભુના હાથમાં આપ્યું.

એ જ ક્ષણે, આકાશમાંથી દેવોએ જય જયારવ કર્યો. પંચ દિવ્ય - દેવ દુંદુભિ, વસુધારા-સોનૈયાની વૃષ્ટિ, વસ્ત્ર વૃષ્ટિ, ગંધોદક પુષ્પ વૃષ્ટિ, અહોદાનની ઘોષણા પ્રગટ્યાં. સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઇ. ચંદનાને શિરે કાળા, લાંબા, સુંવાળા વાળ આવી ગયા. ધનાવહ શેઠ લુહારને ત્યાં હતા અને આ સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. સ્વરૂપ જ બદલાઈ ગયું.

નગરજનોના મન ઉપર આ ઘટનાની એવી તો ગાઢ અસર થઇ કે જ્યાં આ વસુધારા થઈ તે રહેઠાણ બન્યાં, વસાહત ઊભી થઇ તેનું નામ વસુહાર પડ્યું અને ત્યાં ચંદનાની બાકુળા વહોરાવતી હોય તેવી પ્રતિમાનું નિર્માણ કરાવ્યું અને ત્યાંના ચૈત્યમાં પધરાવી. પારણાનો આ દિવસ તો ત્યાં નગરમાં પર્વ તરીકે સૈકાઓ સુધી ઉજવાયો.

પછી તો ચંદનાજી પ્રભુના તીર્થમાં પ્રથમ સાધ્વી થયાં. આ કથામાં છેલ્લે જ્યારે સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઇ ત્યારે તે લેવા, બીજા ત્રીજા અસંખ્ય લોકો ટોળે વળ્યા ત્યારે ચંદના જે સુંદર શબ્દો બોલ્યા છે તે શ્રી શુભશીલ ગણીએ ભરતેશ્વર બાહુબલી વૃત્તિમાં સરસ રીતે નોંધ્યા છે. તે શબ્દો આપણે જોઇએ.



Melbourne Shwetambar Jain Sangh

જ્યારે એ સોનૈયા બીજા બધા લેવા લાગ્યા ત્યારે ચંદનાએ કહ્યું કે આ બધા સોનૈયા પર તો મૂળા શેઠાણીનો અધિકાર છે. બીજા કોઈ હાથ અડાડશો નહીં. **માર્ગમાં અવરોધરૂપ પથ્થરને પણ પગથિયા બનાવવાની ચંદનાની આ દૃષ્ટિને શ્રી શુભશીલ મહારાજે, જૂની ગુજરાતીમાં રચેલા આ પદોમાં ભાવપૂર્વક ઉતારી છે** :

**ચંદનબાલા બોલે તિણે ઠાય,**
**મૂલા અમારી માય;**
**ધારિણી તૂઠી જે નવિ કીધ,**
**મૂલા દીઠે કાજ મુજ સિદ્ધ.**

તે વખતે ચંદનબાળા બોલે છે : મૂળા તો અમારી મા છે. ધારિણી(માતા)થી જે કામ ન થયું તે મૂળાના જોવાથી મારું કામ થઈ ગયું.

**ધનાવહ પહિલા ભવનું બાપ,**
**જેહ પસાયે નાઠઉ મુજ પાપ;**
**મૂલા તણો ઘણો ઉપકાર,**
**ચંદન માગઇ સંયમ ભાર.**

ધનાવહ તો મારા ગયા ભવના બાપા છે, જેમના પસાયે મારું પાપ ગયું. મૂળાનો પણ ઘણો ઉપકાર છે. ચંદના સંયમની માંગણી કરે છે.

**ચંદના ભણઇ જો માંગ્યું હોય,**
**તુ મૂલા મન દૂહાવજો;**
**સાસણદેવી આપઇ આસિકા,**
**મૂલા થઈ પરમ શ્રાવિકા.**



Melbourne Shwetambar Jain Sangh

ચંદના કહે છે જો માંગ્યું - ઈચ્છ્યું થાય તેમ હોય તો મૂળાને કોઈ દુભવશો નહીં. શાસનદેવી આશીર્વાદ આપે છે અને મૂળા શેઠાણી પરમ શ્રાવિકા બન્યાં.

**ઉવયારિ ઉવયાઉ**
**સવ્વો લાય કરેઇ;**
**અવગુણ કીધિ દુણ કરઇ**
**વિરલુ જણણી જણેઈ.**

**ઉપકારી ઉપર તો ઉપકાર બધા કરે પણ અવગુણ કરનાર ઉપર ઉપકાર કરનાર તો વિરલા જ હોય છે.** એવા ઉત્તમ આત્માને તો વિરલ જનની જ જન્મ આપે છે.

આમ મહાસતી, ગણ-શણગાર શ્રી ચંદનબાળાના આંસુની આગળ-પાછળની કથા આપણે જોઈ.

**જે આંસુ જોઈ પ્રભુ પધારે તેવા આંસુ આપણને પણ મળે તો કેવું સારું એવી પ્રાર્થના કરવાનું મન થઈ આવે છે.**

આપત્તિની આગ વચ્ચે મનમાં અસમાધિ ન થાય એવો મૈત્રીભાવનો મલ્હાર રાગ ગાઈને આનંદની વર્ષા માણનાર ચંદના જુગ જુગ સુધી જયવંતા રહો.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૨૦**



Melbourne Shwetambar Jain Sangh

# अज्जवि (આજે પણ)

વિ.સં. ૧૩૬૮ થી ૧૩૯૨ સુધી આચાર્ય શ્રી જિનપ્રભસૂરિ મહારાજે સમગ્ર ભારતમાં પાદ-પરિભ્રમણ કર્યું. અનેક ગામ-નગર, તીર્થસ્થળો-કલ્યાણકભૂમિની સ્પર્શના કરી, એનું વર્ણન સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં વિવિધ તીર્થકલ્પ નામના ગ્રંથમાં કર્યું. એમાં તેઓશ્રી કૌશામ્બી નગરીમાં પધાર્યા ત્યારે ત્યાંની પ્રજા તથા રીત-રિવાજોના વર્ણન નોંધ્યા છે એ બધું જાણવાથી આપણા ચિત્તમાં અહોભાવ જાગે છે. એમાંની થોડી રસભર માહિતી :

**૧. રાજા ચંડપ્રદ્યોતે બંધાવેલો કોટ :**
પ્રભુ મહાવીરના સમયમાં આ ઘટના બની હતી. કૌશામ્બી નગરીના રાજા શાતાનીકના મૃત્યુ પછી તેમની રાણી મૃગાવતીના હાથની માંગણી ઉજ્જૈનના રાજા ચંડપ્રદ્યોતે કરી. મૃગાવતીજીએ કુશળતાથી વાત ઠેલી અને કહેવરાવ્યું કે હાલ બાળરાજા છે અને નગરીનું રક્ષણ કરવા કોટ જરૂરી છે, તે થાય પછી વિચારી શકાય. ચંડપ્રદ્યોતે ઉજ્જૈનથી નિભાડામાં તૈયાર થયેલી ઇંટો મોકલી અને તે વડે કૌશામ્બી નગર ફરતો કોટ ચણાવ્યો. પછી મૃગાવતીજીએ કહેવરાવ્યું કે શ્રમણ ભગવાન મહાવીર કૌશામ્બી પધારે છે, તે પછી વાત. આમ તેઓ ચંડરાજાની માંગણીને વિલંબમાં મૂકતાં ગયાં.

પ્રભુ પધાર્યા એટલે સમવસરણમાં જ મૃગાવતીજીએ ‘દીક્ષા આપો’ એમ વિનંતી કરી સંયમની માંગણી કરી અને ચંડપ્રદ્યોતની રજા માંગી. રાજાએ સંમતી આપી. મૃગાવતીજી સાધ્વી બન્યાં. આશ્ચર્યકારી હકીકત એ છે કે ત્યારનો બનેલો કોટ ૧૮૦૦ વર્ષ સુધી હયાત રહ્યો હતો !

**૨. વસુહાર નામનું નાનું ગામ :**
જ્યારે ચંદનબાળાએ પ્રભુને દાન આપ્યું અને દેવોએ સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી તેને વસુધારા કહેવાય છે. સોનૈયાનો આવો મોટો ઢગ જ્યાં થયો ત્યાં માનવ વસાહત થઈ. તે ગામનું નામ વસુહાર પડ્યું. વિ.સં. ૧૩૬૮માં તે જગ્યા વસુહાર નામે પ્રચલિત હતી.

**૩. જેઠ સુદિ દશમ એ ગામમાં તહેવાર તરીકે ઉજવાતો :**
જે દિવસે ચંદનાજીએ અડદના બાકુળાનું દાન આપ્યું તે આ દિવસ. દાન-દક્ષિણા-સ્નાન-પૂજા માટે આ દિવસ નિશ્ચિત થયો હતો. વળી પદ્મપ્રભસ્વામી ભગવાનના દેરાસરમાં દાન આપતી હોય એ મુદ્રામાં ચંદનાજીની મૂર્તિ પણ હતી. એ જ દેરાસરમાં બાજુના ગાઢ જંગલમાંથી રોજ રાત્રે સિંહ આવતો અને પ્રભુ સમક્ષ સ્તવના કરી ચાલ્યો જતો. એને માટે પ્રશાંત મૂર્તિ એવું વિશેષણ આ ગ્રંથમાં આપ્યું છે. ગામ-નગરીનું નામ જે પરથી પડ્યું છે તે કૌશામ્બીના વૃક્ષો પણ તે સમયે ત્યાં ખૂબ હતા. વિ.સં. ૧૮૦૦ સુધી આ બધું વિદ્યમાન હતું.

શ્રી મહાવીર પ્રભુના સંઘમાં આપણે છીએ. આવા બહુમૂલ્ય પ્રસંગોની ઉજવણી અવશ્ય કરવી ઘટે. **માગસર વદિ એકમના દિવસે ઉપવાસ કરીને પ્રતીક તપ કરવું જોઈએ અને જેઠ સુદિ દશમે, આપણને ઉલ્લાસ આવે તે રીતે પ્રભુ-પ્રતિમાની અંગરચના કરી** આ બન્ને પ્રસંગો આપણા ભાવવિશ્વમાં જડી દેવા જોઈએ.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૨૦**

# જ્ઞાનનું ફળ - સમજણના સીમાડાનો વિસ્તાર

વાચન-શ્રવણ કરવું જોઈએ એ વાતે બધા જ સંમત છે. પરંતુ જેવી એ વાચન-શ્રવણના ફળની વિચારણા કરવામાં આવે ત્યાં મતભેદ પ્રવર્તે છે. મોટા ભાગના લોકોનો નિશ્ચિંત કરેલો મત છે કે **ज्ञानस्य फलं विरतिः** ।

જ્ઞાનનું ફળ વિરતિ છે, આચરણ છે. આચરણ વિનાનું જ્ઞાન નકામું છે, વાંઝિયું છે. એવા જ્ઞાનની કશી કિંમત નથી કે જે જ્ઞાન પછી આચરણમાં ન પ્રગટવાનું ન હોય. **જ્ઞાન તો જ સાર્થક કહેવાય કે જ્યારે એ પ્રમાણેનું જીવન હોય, કરણી હોય.** આ મત સાચો છે પરંતુ આમાં પણ જ્ઞાનના બાહ્ય ફલક સુધીની જ પહોંચ છે.

જ્ઞાનના ફળની બીજી બાજુ છે; એ છે જ્ઞાનની અંતરંગ ભૂમિકાએ ફળની વિચારણા. આ વાત તો આપણા ચેતોવિસ્તારની બહાર રહી ગઈ છે.

આજે એ મુદ્દા પર થોડી વિચારણા કરવી છે. **પ્રવચન-શ્રવણનું ફળ શ્રદ્ધા છે.** આ વાત ફરી ફરીને ઊંડાણમાં જઈને વિચારવા જેવી છે, સ્થિર કરવા જેવી છે. **પ્રવચન-શ્રવણને સીધાં આચરણ સાથે ન સાંકળતાં, વચલી કડી શ્રદ્ધાની છે તેની સાથે તેને પહેલા જોડવી જોઈએ.** શ્રદ્ધા એ અમૂલ્ય પદાર્થ છે. પરંતુ આ શ્રદ્ધા સૂક્ષ્મ બુદ્ધિગમ્ય છે.

સ્થૂળ દૃષ્ટિવાળા લોકો પ્રવચન સાંભળનારને પૂછતા હોય છે : સાંભળીને શું કર્યું ? તેઓ પ્રવચન-શ્રવણનું ફળ આચરણમાં શોધતાં હોય છે. ત્યાં એવું અપેક્ષિત ફળ જોવા નથી મળતું



Melbourne Shwetambar Jain Sangh

ત્યારે, આમ કેમ બને છે ? એવા પ્રશ્ન લઈને ઊંડાણમાં જવાનું ટાળીને સીધા જ પ્રવચન-શ્રવણને દોષપાત્ર ઠરાવે છે.

કવિ અખાના શબ્દો : **કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન** - એમ બોલીને અખો પણ અમારી વાતમાં સંમત છે એમ કહીને સંતોષ માનતા હોય છે. ખરેખર તો આ વાત થોડી જુદી રીતે વિચારવાની છે. એક રસપ્રદ ઉદાહરણ આ વાતને સમજવામાં ઉપયોગી બનશે.

એક નાનું નગર હતું. અઢારે આલમ તેમાં સંપીને રહેતી હતી. ગામ વ્યવસ્થિત હતું. નગરશેઠ હતા. નાત હતી. તેના નિયમ અને કાયદા હતા. વેપાર-વણજ સારી રીતે ચાલતો હતો. બધા પોતપોતાની રીતે ગુજારો કરતા હતા.

નગરશેઠના મનમાં એક વિચાર આવ્યો : દીકરાના લગ્ન કર્યા ત્યારે સંયોગો અનુકૂળ ન હતા તેથી જમણવાર કર્યો ન હતો. હવે સારો સમય આવ્યો છે તો નાતનો જમણવાર કરીએ. પુત્રોને બોલાવ્યા. વાત કરી, તૈયારીઓ કરી. નાતને નોંતરું અપાયું. નક્કી કરેલ દિવસે જમણવાર કર્યો. આખી નાત આવી હતી. જાત જાતના પકવાન ને ભાત ભાતની રસોઈ હતી, બધાએ પ્રેમથી આરોગી.

જમણ લગભગ પૂરું થવા આવ્યું એટલે નગરશેઠ પોતે પાપડ પીરસવા માટે નીકળ્યા. દીકરાના હાથમાં પાપડનો ટોપલો લેવરાવ્યો અને શેઠ એક પછી એક બધાના ભાણામાં પાપડ પીરસતા જાય. **શબ્દોની મીઠાશથી અને આંખના અમીથી એક એક મહેમાનની ઓળખ તાજી થાય છે.** એક-બે શબ્દોની આપ-લે થાય છે અને પોતે આગળ વધે છે.



Melbourne Shwetambar Jain Sangh

એમ કરતાં આગળ વધતાં એક મહેમાનના ભાણા પાસે આવ્યા. ટોપલામાં છેલ્લો અડધો પાપડ રહ્યો હતો, તે આપ્યો. તરત બીજો ભરેલો ટોપલો આવ્યો. આગળ વધ્યા. ભાણામાં પાપડ મૂકતા જાય છે. એમ કરતાં જમણવાર પૂરો થયો. સહુ ઘર ભેગાં થયા.

પણ પેલા જે ભાણામાં અરધો પાપડ આવ્યો હતો તેના મનમાં તુમુલ ઘમસાણ મચ્યું. પોતે સામાન્ય સ્થિતિનો - મધ્યમ વર્ગનો વેપારી માણસ હતો.

તેના મનમાં આ ઘટના દ્વારા એવાં વિચાર વલયો રચાયાં કે હું દરિદ્ર છું, પહેલી હરોળના શ્રીમંત કહેવાય તેવો નથી તેથી જાણી બૂઝીને મારા ભાણામાં અરધો પાપડ મૂક્યો. હું બતાવી દઈશ કે હું પણ કાંઈ કમ નથી. મોં મરડી દાંત કચકચાવ્યા ને તેણે નક્કી કર્યું કે હું પણ આ જ રીતે નાત જમાડું અને આ જ રીતે છેલ્લે બધાને પાપડ આપવા નીકળું અને નગરશેઠ બેઠા હોય તેના ભાણામાં બરાબર એવો અરધો પાપડ પીરસું. આમ ન કરું તો મારું નામ નહી.

થતાં તો આવો નિર્ધાર થઈ ગયો પણ જ્યારે નાતના જમણવાર માટેના ખર્ચનો અંદાજ માંડ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે ખર્ચ તો ખૂબ થવા જાય છે.

**આવેશ એ એક એવી બૂરી ચીજ છે કે ભલભલા બાહોશ માણસને પણ બેહોશ બનાવી દે છે.** જ્યારે માણસના મન ઉપર એક જીદભરી ઈચ્છાનો નશો સવાર થઈ જાય છે ત્યારે તેની આંખ બંધ થઈ જાય છે. આખરે તો એણે ઘર, ઘરેણું ને હાટ વેચીને પૈસાનો વેંત કર્યો અને નાતને નોતરું આપ્યું.



Melbourne Shwetambar Jain Sangh

બધાને આશ્ચર્ય તો થયું જ. કારણ કાંઈ સમજાયું નહી. બધા અનેક અટકળો કરતા જમવા બેઠા. રસોઈ સારી બની હતી. જમવાનું લગભગ પૂરું થવા આવ્યું ત્યારે શેઠ મલપતા મલપતા પાપડનો ટોપલો લેવરાવીને પાપડ પીરસવા નીકળ્યાં.

ક્રમમાં આવતાં આવતાં નગરશેઠનું ભાણું આવ્યું ત્યારે યાદ રાખીને રાખેલો અરધો પાપડ તેમણે નગરશેઠના ભાણામાં મૂક્યો. પોતાનો અહં સંતોષાયાનો આનંદ થયો. પછી આગળ વધ્યા ને બધાને પાપડ પીરસતા જમણવાર પૂરો થયો. સૌ ઘર ભેગા થયા. નગરશેઠના મનમાં કાંઈ વિચાર પણ ન આવ્યો.

અહીંયા આ વાર્તા-પ્રસંગ પૂરો થાય છે. પરંતુ આપણે જે બોધ લેવાનો છે એનો વિચાર હવે કરીએ.

પોતાના ભાણામાં અરધો પાપડ આવ્યો ત્યારે હું દરિદ્ર છું માટે મને નગરશેઠે જાણી બૂઝીને અરધો પાપડ આપ્યો એ વિચાર આવ્યો. એક વખત આપણે માની લઈએ કે આવી સ્થિતિમાં આવો વિચાર આવવો સ્વાભાવિક છે. પણ જો તેની પાસે વાચન-શ્રવણ-મનનની ભૂમિકા હોત તો તે આ સિવાય બીજું કોઈ કારણ પણ હોઈ શકે એવું તે વિચારી શકત. સ્વાભાવિકપણે પણ નગરશેઠ મારી પાસે આવ્યા ત્યારે ટોપલામાં છેલ્લે અરધો પાપડ રહ્યો હોય એવું પણ બને. આવું તે વિચારી શક્યો હોત તો માત્ર એક ખોટા ખ્યાલના આધારે તે ખુવાર થયો તે ન થાત. મનમાં ઘર કરી ગયેલા ખોટા ખ્યાલથી અને પોતાનો અહં સંતોષવા ખાતર આ માણસ સાવ રસ્તા ઉપર આવી ગયો ! જિંદગી ફરી એકડે એકથી શરૂ કરવાની થઈ. કેટલો બધો પાયમાલ થઈ ગયો. શી જરૂર હતી આટલા બધા બેહાલ થવાની ? પણ...



Melbourne Shwetambar Jain Sangh

હાં, તો વાત એવી છે કે, **અંતરંગ ભૂમિકાએ સમજણના સીમાડાનો વિસ્તાર એ જ્ઞાનનું ફળ છે.**

**વાચન-શ્રવણ-મનનને મનના અને હૃદયના ઊંડાણમાં લઈ જઈ આપણી અંદરના પિંડના એક ભાગ રૂપે પરિણામવાના છે. તેનાથી આપણી દૃષ્ટિ મંજાય છે.** આ મંજાયેલી દૃષ્ટિનું દર્શન સમ્યક્ હોય છે. પોતાની જાતને દરિદ્ર ગણતા વેપારીની સમજણના સીમાડા વિસ્તરેલા હોય તો તેણે તે ઘટનાને સાવ જુદા જ દૃષ્ટિકોણથી અને સહજતાથી મૂલવી હોત. કદાચ સાવ હળવી નજરે જ જોઈને જમણવારના મંડપને છોડતાં તે વાતને ત્યાં જ ભૂલીને તે ઘરે આવ્યો હોત.

આપણે પણ એક તટસ્થ માણસ તરીકે આ પ્રસંગને જોઈને વિચારીએ તો આપણને પણ લાગશે કે સાવ મામૂલી વાતને કારણ વિના મોટું રૂપ આપી દીધું. મૂર્ખામી જ કરી. આમ ઘરબાર વેચીને કપડાંભેર ન થઈ જવાય ! અંતે મળ્યું શું ?

એટલે જ **જેમ જેમ આપણે વાચન-શ્રવણને ઝીલતાં જઈએ તેમ તેમ**
- તેના અજવાળે વિધેયાત્મક દૃષ્ટિ વિકસાવતા જઈએ.
- જાતનું નિરીક્ષણ કરીને આપણે આપણી મહત્તા અને મર્યાદા સમજતા જઈએ.
- આપણામાં જે ગુણો ખીલ્યા છે તેમાં સ્થિરતા પામવાની છે.
- એ ગુણો સચવાઈ રહે તે માટે કાળજી લેવાની છે.
- સાથે નવા ગુણોનો વિકાસ સતત થતો રહેવો જોઈએ.

આમ, **ગુણવિકાસે સાતત્ય અને ગુણવિશેષે સ્થિરતા - આ બધા પ્રવચન-શ્રવણના અંતરંગ ફળ છે અને તે મેળવવા મથવાનું છે.**

**જે આચરણ અંદરની સમજણમાંથી ઊગે છે તે લાંબોકાળ લીલુંછમ રહે છે, ક્યારે પણ કરમાતું નથી. નિષ્પ્રાણ બનતું નથી.** પાકટ સમજણ ઊગ્યા વિનાના આચરણની વિક્રમ આડઅસરો આજે ખૂબ જોવા મળે છે. એને કારણે ધર્મ દંડાય છે તે ઘણું અનિચ્છનીય છે.

ધર્મ ક્યારેય નીરસ ન હોય; **ધર્મ સદાય આર્દ્ર હોય. રસિક હોય. સર્વત્ર શુભદર્શી હોય.** આ ફળ મેળવવા માટે મંથન જરૂરી છે.

**આપણે જ્ઞાન દ્વારા આપણી સમજણના સીમાડાનો વિસ્તાર સાધીએ.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૫**



Melbourne Shwetambar Jain Sangh

# વાંસ પોલો છે માટે વાંસળી બને છે

**રે જીવ ! શાને ઓછું આણે ? ગાણું તારું હોંશે ગા ને !**

**ખાલી ભલે તું હોય અધૂરો, ચિંતા તેની શાને ?**
**ઘડો ભરેલો ડૂબે વ્હેણે, અધૂરો મોજે મ્હાણે !**

**તીરે રઝળતો ઘડૂલો ખાલી, તેને કોણ વખાણે ?**
**તેનું મૂલ્ય તરનારા પ્રીછે છે, કે કો ડૂબિયા જાણે.**

**ખાલી નભ આ પોલું પોલું, ભર્યું એને કોણ માને ?**
**કોટિક દુનિયા એમાં વિલસે, વિરલા કો પરમાણે.**

**ખાલી ખાલી બંસી પોલી, ગાજે અવિરત ગાને ;**
**ખાલી ભલે તું હોય સુભાગી, હરિની બંસી થા ને !**

**રે જીવ ! શાને ઓછું આણે ? ગાણું હોંશે ગા ને !**

**- કવિ શ્રી સ્નેહરશ્મિ**

રિક્તત્વનું હૃદય સંકટ ના ધરીશ - એ પંક્તિથી આપણે, અભાવને વિધેયાત્મક રૂપે ઓળખવાનો પ્રયત્ન આદર્યો. કાલે દુસ્તર વીતી જશે - એવો આશાવાદ પણ એ કાવ્યમાં ડોકાયો છે.

પછી એ જ અભાવનું એક નિરાળું સ્વરૂપ - ફાટેલા ખિસ્સાની આડમાં મેં રાખી છે છલકાતી મલકાતી મોજ-પણ જોયું. અભાવની પણ સભર સમૃદ્ધિ માણી. ખુમારીથી ભરેલા દિલની આવી બાદશાહી પણ હોઈ શકે છે ! એવી મસ્તીથી જીવી પણ શકાય છે.

બધું બધે વરવું વરવું નથી. નરવું પણ છે. અભાવને ઊણપ ગણવાને બદલે ઉપયોગી ગણવાની દૃષ્ટિનું દાન આપણને, કવિ સ્નેહરશ્મિ કરી રહ્યા છે.

**રે જીવ ! શાને ઓછું આણે ? ગાણું તારું હોંશે ગાને !**
**ખાલી ભલે તું હોય અધૂરો, ચિંતા તેની શાને ?**
**ખાલી ભલે તું હોય અધૂરો, ચિંતા તેની શાને ?**

**આપણે ઘણીવાર અન્યની સાથે બિનજરૂરી સરખામણી કરીને નાહકના દુઃખી થતાં હોઈએ છીએ.**

'આપણે કાંઈ નથી; આપણી પાસે કાંઈ નથી.' આવા વિચારને ઘૂંટીને આપણા રજ જેટલા ખાલીપાને ગજ જેટલો ચીતરીને વાગોળ્યા કરીએ છીએ, અને પેલા એક ચિંતન પ્રેરક (અને ચિંતા પ્રેરક પણ) વાક્યને સાચું પાડતા રહીએ છીએ : 'નબળા નસીબને વાગોળવાથી એની શક્તિમાં વધારો થાય છે.'

એવા સમયે આપણને આપણી લઘુતાગ્રંથીનો ભેદ સમજાવનાર શબ્દો સાંપડે છે. **જે જે પદાર્થો ખાલી છે તે જ તેની સાર્થકતા છે** એમ દર્શાવવા કવિ જીવને ઉદ્દેશી-સંબોધીને કાવ્યની માંડણી કરે છે :

રે જીવ ! તું શા માટે મનમાં ઓછું લાવે છે ? મારા જીવનનું ગાન તું હોંશેથી-પ્રેમથી ગા. ગાવા માટે તારી પાસે બધું જ છે. ભલે તું ખાલી હો. તેની ચિંતા ન કર.

ઘડો ભરેલો હોય તો ડૂબે છે, અધૂરો હોય તો તરે છે. **અધૂરાની પણ કિંમત છે અને એ કિંમતના કદરદાન પણ છે.**



Melbourne Shwetambar Jain Sangh

આકાશ કેટલું પોલું છે !
પણ તેમાં જ દુનિયા રહી છે.
વાંસ પોલો છે. એટલે જ તો એ સૂર રેલાવે છે !

**જે છે તે ઘણું છે. એની પણ આ અખિલ ભુવનમાં જરૂરત છે. તેનો સહર્ષ સ્વીકાર કર.** તેનો મહિમા કર. તેમાં મજા કર. મજામાં રહે.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૧૧**